

## બનાસકાંઠામાં અષાઢી માહોલ જામ્યો : પાલનપુરમાં વરસાદી ઝાપટું

બનાસકાંઠા જિલ્લામાં લાંબી રાહ જોવડાવ્યા બાદ છેલ્લા બે દિવસથી વાતાવરણ પાલટાયું છે. જ્યાં રવિવારે અષાઢી માહોલ જામ્યો હતો. અને પાલનપુર, વડગામ, ડીસા, દાંતા સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. બીજી તરફ પાણી વિના મુરજાઈ રહેલા ખેતીના પાકોને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ પ્રસરી ગયો હતો. બનાસકાંઠામાં રવિવારે દિવસભર આકરો તાપ પડ્યા પછી સાંજના સુમારે પૂર્વ વિસ્તારમાં આકાશ કાળાભમર વાદળોથી ગોરમભાયું હતું. અને પાલનપુર, વડગામ, ડીસા, દાંતા સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા. જ્યાં પાલનપુરના હાઈવે વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. જ્યારે સિટીમાં કેટલાક સ્થળોએ ફોરા પડ્યા હતા. જોકે, તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા પડતાં મુરજાઈ રહેલા ખેતીના પાકોને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ પ્રસરી ગયો હતો.

# અરવલ્લી જીલ્લામાં ૧૬ દિવસ પછી મેઘરાજાની પધરામણી

મોડાસા, તા. ૨૨

અષાઢ માસ અડધો પૂરો થવા છતાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વરસાદના ક્યાંય એંધાણ ન વર્તાતા લોકો વરૂણદેવને રીઝવવા ઠેર ઠેર ઢૂંઢિયા બાપજી તથા યજ્ઞ-હવન કરી પૂજા-અર્ચના કરી રહ્યા છે. રવિવારે વહેલી સવારથી જ બફારો વધુ રહેતા લોકો અકળાઈ ઉઠ્યા હતા. સાંજના આકાશે વાદળો ઘેરાયા પછી રાત્રીએ વરસાદ ન વરસતા પ્રજાજનો અને ખેડૂતો ચિંતિત બન્યા હતા. ત્યારે સોમવારે વહેલી સવારે કડાકા-ભડાકા સાથે વીજળીના ચમકારા વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા જીલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો હતો. વરસાદ વરસવા છતાં બફારો-ઉકળાટ યથાવત રહેતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અરવલ્લી જીલ્લામાં સોમવારે વહેલી પરોઢે ધોધમાર વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો જેમાં બાયડ તાલુકામાં ૬૫ મીમી, માલપુરમાં ૬૪મીમી, ધનસુરા પંથકમાં ૫૮ મીમી, મોડાસા-મેઘરજ તાલુકામાં ૧૭ મીમી અને ભિલોડા તાલુકામાં ૫ મીમી વરસાદ ખાબક્યો હતો. વરસાદ ખેંચાતા ખેડૂતોના જીવ પડીકે બંધાયા હતા ત્યારે સાર્વત્રિક વરસાદથી ખેતીને જીવતદાન મળતા જગતનો તાત મલકાયો હતો.

મોડાસા શહેરમાં વહેલી સવારે મેઘરાજાની પધરામણી થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. મોડાસાના હંગામી બસસ્ટેન્ડમાં પાણી ભરાતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. નીચાણવાળા વિસ્તારોની સોસાયટીઓમાં પાણી ભરાયા હતા.





આ વરસે વરસાદ ખેચાતા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશુપાલકો અને કિસાનોની હાલત કફોડી બનવા જવાની તૈયારીમા છે અને જો હજુ પણ વરસાદ ખેચાશે તો કિસાનો અને પશુપાલકો ના બેહાલ થવાની વકી છે ત્યારે બંન્ને જિલ્લા ના પશુપાલકો અને ખેડૂતો ના હિતમાં સાબરડેરી ખાતે આજરોજ ભવ્ય યગ્નોત્સવ ચેરમેનશ્રી મહેશભાઈ એ.પટેલ અને ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં યોજનવામાં આવ્યો હતો અને મેઘ રાજા ને રીઝવવા મંત્રોચ્ચારો ઉચ્ચારવામા આવ્યા હતા.

## પાલનપુર હાઈવે પર પીવાના પાઈપ લાઈનમાં ભંગાણ

પાલનપુરમાં એકબાજુ પીવાના પાણીની વિકટ સમસ્યા છે. ત્યારે બીજીબાજુ શહેરમાં પીવાની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો હોવાના કિસ્સા સમયાંતરે પ્રકાશમાં આવી રહ્યા છે.

પાલનપુર શહેરના હાઈવે વિસ્તારમાં નવીન વિકાસ કામ દરમ્યાન જેસીબી ચાલકની બેદરકારીથી પાણીની પાઈપ તૂટી જતા સવારથી હજારો લીટર પાણી વેડફાયુ હતું.

દુષ્કાળગ્રસ્ત જિલ્લામાં પાણીની જરૂરિયાત વચ્ચે પાણીનો વ્યર્થ વેડફાટ થતા સ્થાનિકોએ તંત્રને જાણ કરાઈ હતી.





## અરવલ્લી જીલ્લામાં વરસાદને રીઝવવા ખુલ્લા પગે મોડાસામાં પદયાત્રા સૈયદ મખદૂમ શાહ લાહોરી કબ્રસ્તાનમાં નમાજ અદા કરી

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા લેતા ખેડૂતો અને પ્રજાજનોની હાલત કફોડી બની છે. જીલ્લાવાસીઓ ચાતક નજરે આકાશ તરફ મીટ માંડી મેઘમહેર થાય તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હિંદુઓ શિવલિંગ ડુબાડી અને પર્જન્ય યજ્ઞ યોજી વરુણદેવને રીઝવવા પ્રભુનું શરણ લીધું છે ત્યારે મોડાસાના મુસ્લિમ બિરાદરોએ વરસાદ માટે મોટી સંખ્યામાં એકઠા થઈ કબ્રસ્તાનમાં સામુહિક દુઆ કરી હતી.

સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા પંદર દિવસથી વરસાદે વિરામ લીધો છે ત્યારે માનવજીવ સહિત અબોલ પશુ પંખી પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આજે સૌ વરસાદ માટે ઈશ્વરને રિઝવી રહ્યું છે ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના શાહી કોટ વિસ્તારમાં મોટી સંખ્યામાં એકઠા થઈ ઉઘાડા પગે એક કિલોમીટર સુધી ચાલી સૈયદના મખદુમ શાહ લાહોરી કબ્રસ્તાનમાં વરસાદ માટેની ખાસ નમાજ અદા કરવામાં આવી હતી. ત્યારબાદ વરસાદ માટે સામૂહિક દુઆ કરી ઈશ્વરને માનવજાત પર રહેમ કરવા અરજી કરી હતી.

# મહેસાણા જિલ્લાના સુંઢીયા ખાતે ગુજરાત હોમગાર્ડ જવાનોનો તાલીમ કેમ્પ યોજાયો

### ૩૮ જિલ્લાના ૧૫૦ હોમગાર્ડ જવાનોને તાલીમથી સજ્જ કરાયા

મહેસાણા

મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં આવેલ સુંઢીયા હોમગાર્ડ તાલીમ કેન્દ્ર ખાતે બેજીક તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો છે.જેમાં ગુજરાતના જુદા-જુદા યુનિટના ૧૫૦ હોમગાર્ડ જવાનોને બેજીક તાલીમથી સજ્જ કરવામાં આવ્યા હતા.



ગુજરાતમાં પોલીસની સાથે ખભેખભો મીલાવીને રાત દિવસ ફરજ બજાવતા હોમગાર્ડ જવાનો આપત્તી સમયે લોકોને કેવી રીતે ઉપયોગી બની શકે અને વધુમાં વધુ લોકોના જીવ કેવી રીતે બચાવી શકાય અને હોમગાર્ડ જવાનની ફરજમાં કેવા નીતીનિયમો છે. તેમજ એક સારા હોમગાર્ડ જવાન કેવી રીતે બની લોકોને કેવી રીકે ઉપયોગી બની શકાય તે અંગેની તાલીમ કેમ્પનું આયોજન મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના સુંઢીયા ખાતે તા.૯ જુલાઈ થી ૨૦ જુલાઈ સુધી તાલીમ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતમાંથી બનાસકાંઠા, પાટણ, મહેસાણા, મહીસાગર, અમદાવાદ, ગીરસોમનાથ, કચ્છ-ભૂજ, જુનાગઢ, સુરત, જામનગર, દેવભૂમી દ્વારકા, બોટાદ, ડાંગ આહવા, સહીતના ૩૮ જિલ્લાના ૧૫૦ હોમગાર્ડ જવાનો હાજર રહ્યા હતા. જેમને કેમ્પ કમાન્ડન્ટ કે.ડી. રાજપુતના માર્ગદર્શન હેઠળ ટ્રેનિંગ ઈન્ટકટર કે. આર. અવસ્તી, આરર્મર જે.બી. રાઠોડ, પ્લાટુન કમાન્ડન્ટ એ.એલ.રાવલ, પાલનપુર સીટી યુનિટ, પી.કે. જોષી અને વી.જે. ઝાલા દ્વારા હોમગાર્ડ જવાનોને પરેડ, રાયફલ સુટીંગ, ડીઝાસ્ટર સહીતની તાલીમ આપવામાં આવી હતી.

તેમજ આ તાલીમ દરમીયન અમદવાદ વડી કચેરીથી આવેલા નાયબ કમાન્ડન્ટ જનરલ બી.વી.રાણાના દ્વારા તમામ તાલીમઆર્થીને યોગ તાલીમની તાલીમ આપી વૃક્ષા રોપણ, પાણી બચત સહીતના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ છેલ્લા દિવસે બેસ્ટ કેડેટ બેસ્ટ ફાયર અને બેસ્ટ લાઈન લેઆઉટ કરનારને સર્ટી અને સિલ્ડ આપી પ્રત્સાહીત કરવામાં આવ્યા હતા.

# મેઘરાજાને રીઝવવા બનાસ ડેરી દ્વારા પર્જન્ય યજ્ઞ યોજાયો

પાલનપુર, તા. ૨૨

ખેતી અને પશુપાલન સાથે જોડાયેલો બનાસકાંઠા જિલ્લો અપૂરતા વરસાદને લઈને ચિંતિત છે. ત્યારે મેઘરાજાને મનાવવા બનાસ ડેરીના શિવ મંદિર પ્રાંગણમાં વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા આજરોજ પર્જન્ય યજ્ઞ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠાની સુખાકારી માટે સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધી સાથે યોજવામાં આવેલા આ યજ્ઞમાં બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને ડેરીના ડાયરેક્ટરોએ પણ આહુતિ આપી હતી. સાથે સાથે શિવ મંદિર ખાતે રુદ્રાક્ષનો છોડ વાવીને જિલ્લામાં વૃક્ષારોપણ મહાઅભિયાનનો ચેરમેને આરંભ કરાવ્યો હતો.



વધુમાં જિલ્લામાં હરિયાણી ક્રાંતિ થાય, વધુ વૃક્ષો દ્વારા પર્યાવરણનું જતન થાય અને આવનારા ભવિષ્યમાં આ ધરતી પર વધુ વરસાદ થાય તેવા શુભ આશયથી બનાસ ડેરી, ગુજરાત કૉ-ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને ગુજરાત સરકારનાં સંયુક્ત ઉપક્રમે, બનાસ ડેરીના સભાસદો દ્વારા એક જ દિવસે કુલ ૨૧ લાખ જેટલા વૃક્ષો વાવીને તેનું જતન કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં બનાસ ડેરી સાથે જિલ્લાની સેવાભાવી સંસ્થાઓ, એન.જી.ઓ., શાળા-કોલેજો, પર્યાવરણ પ્રેમીઓને પણ સાંકળીને ૨૫ જુલાઈથી ૩૧ ઓગસ્ટ દરમ્યાન સામુહિક વૃક્ષારોપણ અભિયાન ચલાવવાનાં અભિયાનનાં ભાગરૂપે બનાસ ડેરીનાં અન્નપુર્ણા ભવન ખાતે ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને વૃક્ષારોપણ અભિયાન અંગેની બેઠકનું આયોજન થયેલ. આ બેઠકમાં સેવાભાવી સંસ્થાઓનાં પ્રમુખો, સહકારી આગેવાનો તેમજ સમાજનાં અગ્રણી પર્યાવણપ્રેમી હાજર રહીને પ્રેઝન્ટેશન તેમજ મૌખિક ચર્ચા વિચારણા થકી આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવાની ચર્ચા વિચારણા તેમજ વિવિધ સૂચનો કર્યા હતા.

બનાસડેરીના ચેરમેન શંકર ચૌધરીએ વરસાદ અને વૃક્ષોને સીધો સબંધ હોવાની જણાવીને ઉમેર્યુ હતું કે આ અભિયાન એક શરૂઆત માત્ર છે. આવનારા દિવસોમાં ૨૧ લાખ વૃક્ષો વાવવાની-ઉછેરવાનું આ અભિયાન થકી ઠેરવ્યું છે તે એક વિશાળ લક્ષને સાધવા માટેનો શુભારંભ છે, આવનારા ૧૦ વર્ષમાં ૧૦ કરોડ વૃક્ષાનો ઉછેર બનાસકાંઠાની ધરતી પર થાય અને તે થકી આ જીલ્લો હરિયાળો બને તેવો આશાવાદ અહીં શંકરભાઈએ તેઓનાં પ્રાસંગિક પ્રવચન થકી વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ડી.એફ.ઓ. ડૉ. બિન્દુબેને વનવિભાગની પ્રવૃત્તિ, પ્રસંગને અનુરૂપ માહિતી તેમજ સ્થાનિક વન વિભાગ તંત્ર દ્વારા આ હકારાત્મક અભિયાનમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. ઈન્ચાર્જ મેનેજીંગ ડાયરેક્ટર કામરાજભાઈ ચૌધરીએ મહાનુભાવોને અભિયાનનાં હાર્દ અને સૂચિત આયોજન વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી. ડેરી હસબન્ડરી વિભાગનાં આસીસ્ટન જનરલ મેનેજર હરિભાઈ ચૌધરીએ કાર્યક્રમનાં અંતે આભારવિધિ કરી હતી.

## શામળાજી મેશ્વો ડેમમાં ૧૮ વર્ષીય યુવક પગ ધોવા જતા પગ લપસી જતા ડેમમાં ડૂબી જતા મોત

શામળાજી, તા. ૨૨

ભિલોડા તાલુકાના કુલ્લા (અઢેરા) ગામનો અને કચ્છમાં પરિવાર સાથે રહેતો ૧૮ વર્ષીય યુવક રવિવારે મિત્રો સાથે શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમ જોવા ગયા હતા. ડેમમાં અંદર હાથ-પગ ધોવા ઉતરતા યુવકનો પગ લપસી જતા પાણીમાં ડૂબી જતા મિત્રોએ બુમાબુમ કરી મૂકી હતી. યુવકને બચાવવા એક યુવકે પ્રયાસ કરતા પ્રયાસ નિષ્ફળ રહેતા તેમની આંખો સામે યુવક પાણીમાં ગરકાવ થઈ જતા મોત નીપજ્યું હતું.



મેશ્વો ડેમમાં યુવક ડૂબવાની ઘટના બનતા તેના મિત્રોએ યુવકના પરિવારજનો અને શામળાજી પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. શામળાજી પીએસઆઈ સંજય શર્માએ ઘટનાની ગંભીરતા સમજી હિંમતનગરથી તરવૈયા બોલાવતા ભારે જહેમત પછી મૃતક યુવકનો મૃતદેહ ડેમમાંથી શોધી કાઢવામાં સફળતા મળતા શામળાજી પોલીસે મૃતકની લાશને પીએમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કંડલા પોર્ટ પર ફરજ બજાવતા પિતાની સાથે રહેતો અને કુલ્લા (અઢેરા) ગામનો અંકિત ખીમજીભાઈ કટારા (ઉં.વર્ષ-૧૮) શનિવારે કંડલા પોર્ટથી વતનમાં આવ્યો હતો અને રવિવારે તેના મિત્રો સાથે પીકનીક મનાવવા શામળાજી નજીક આવેલા મેશ્વો ડેમ પર પહોંચ્યો હતો. મિત્રો સાથે મોજમસ્તી કરી સાંજના સુમારે ઘરે પરત ફરતા સમયે મેશ્વો ડેમની અંદર તમામ મિત્રો ઉતર્યા હતા. અંકિત ડેમના પાણીમાં પગ ધોવા જતા પગ લપસતાં ડેમના પાણીમાં ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી હતી. અંકિતના મિત્રોએ યુવકના પરિવારજનોને જાણ કરતા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. શામળાજી પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ડેમમાં પાણી વધુ હોવાથી હિંમતનગરથી તરવૈયા બોલાવી તરવૈયાઓની મદદથી લાશ બહાર કાઢી પીએમ માટે મોકલી આપી શામળાજી પોલીસ મુકેશ ઉર્ફે પારસકાન્ત ધનજીભાઈ પાંડોર (રહે, ગોરવાડા તા.મેઘરજ)ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.

મૃતક અંકિતના મિત્ર મુકેશના જણાવ્યા અનુસાર અંકિત ડેમની અંદર પાણીમાં પગ ધોવા જતા પગ લપસી જતા મને તરતા ન આવડતું હોવા છતાં સાહસ કરી બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. અંકિતનો હાથ પકડાઈ ગયો હતો પણ અંકિતનુ શરીર વધુ હોવાથી પાણીમાંથી બહાર ખેંચવામાં નિષ્ફળ રહ્યો હોવાનો અફસોસ વ્યક્ત કર્યો હતો .

# ઊંઝા ઉમિયા માતાજીના સ્થાનકે ૧૮મી ડિસેમ્બરે લક્ષચંડી મહાયજ્ઞ યોજાશે

ઊંઝા, તા. ૨૨

વેપારીમથક ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજીના પ્રાગ્ટ્ય સ્થાનકે આગામી ૧૮ ડિસેમ્બર ૨૦૧૯થી ૨૨ ડિસે. ૨૦૧૯ દરમિયાન ભવ્યાતિભવ્ય લક્ષચંડી મહાયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. કરોડો પાટીદારો અને અન્ય સમાજોના શ્રદ્ધાળુઓના આસ્થા સમાન મા ઉમિયાના લક્ષચંડી મહાયજ્ઞ માટે ૮૦૦ વિઘા જમીન ફાળવવામાં આવી છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના માનદમંત્રી દિલીપભાઈ પટેલ (નેતાજી) અને મીડીયા કમિટિના ચેરમેન અરવિંદભાઈ એસ. પટેલે પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે ઊંઝા ખાતે ઐઠોર રોડ પર ૮૦૦ વિઘા જમીન ખેડૂતોએ લક્ષચંડી મહાયજ્ઞ માટે ફાળવી છે. જે વિશાળ જમીન પર ૮૦ ફૂટ ઉંચી યજ્ઞ શાળા બનાવવામાં આવશે. આ ઉપરાંત બાળનગરી, સાંસ્કૃતિક કાર્યક્રમો, ભોજન પ્રસાદની વ્યવસ્થા, વિવિધ થીમ આધારિત પ્રદર્શન, પાર્કિંગ, મીડીયા કેન્દ્ર, માર્દર્શન કેન્દ્ર, સહાયતા કેન્દ્ર અને તાત્કાલિક સારવાર માટે મેડીકલ સેન્ટર બનાવાશે. આ લક્ષચંડી મહોત્સવમાં દેશ વિદેશમાં વસતા પાટીદારોને આમંત્રિત કરવા માટે દસ લાખથી વધુ પાટીદારોના ઘેર આમંત્રણ પત્રિકાઓ પહોંચાડવામાં આવી રહી છે. ઊંઝાના યુવાનો દ્વારા બહારથી પધારનારા યજ્ઞશાળામાં ભાગ લેનાર યજમાનોને તેમના ઘેર ઉતારો આપવાની વ્યવસ્થા ગોઠવાયેલ છે.

તેઓએ વધુમાં કહ્યું કે દરેક પાટીદાર આ મહાયજ્ઞમાં દાનનો લાભ લઈ શકે તે માટે ઘર દીઠ દિવાની મહત્વની યોજના તૈયાર કરાયેલ છે. જેમાં ૨૦૦ રૂપિયાની હૂંડી સ્વરૂપે ઘીના દિવાનો લાભ લઈ મહાયજ્ઞમાં આહુતિ આપી શકશે. આ મહાયજ્ઞને સફળ અને અવિસ્મરણીય બનાવવા માટે વિવિધ ૪૩ જેટલી કમિટિઓની રચના કરી જવાબદારી સોંપવામાં આવી છે. આ મહોત્સવના માધ્યમથી અંદાજે ૨૦૦ કરોડ રૂપિયા એકત્રિત કરવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. જે પૈકી અત્યાર સુધીમાં ૫૦ કરોડના કમિટમેન્ટ થઈ ગયેલ છે. આ રકમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા કાર્યરત જુદા જુદા પ્રોજેક્ટ પૈકી ઉમિયાધામ સોલા (અમદાવાદ)ની જમીન પર દિકરા દિકરીઓ માટેની હોસ્ટેલ, પાર્ટીપ્લોટ, બ્લેન્કેટ હોલ, ગેસ્ટહાઉસ વગેરેમાં ફાળવાશે. વધુમાં આ મહાયજ્ઞમાં પાટીદારો ઉપરાંત અન્ય સમાજોના ભાવિકજનોનો સાથ સહયોગ મેળવી આમાં જોડવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મહોત્સવને સફળ બનાવવા માટે મહાયજ્ઞના કર્ણધાર ચેરમેન બાબુભાઈ જે. પટેલ (ધારાસભ્ય) શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના અધ્યક્ષ મણીભાઈ પટેલ (મમ્મી), માનદમંત્રી દિલીપભાઈ નેતાજી કન્વિનર અરવિંદભાઈ કે. પટેલ, પ્રોજેક્ટ ચેરમેન મહેન્દ્રભાઈ એસ. પટેલ (આઈ.એ.એસ.)ના નેતૃત્વ હેઠળ રચાયેલ જુદી જુદી કમિટિઓના હોદેદારો, સભ્યો સ્વયંસેવકોએ તડામાર તૈયારીઓ આરંભી છે અને સમયાંતરે તેની મિટિંગો યોજી ધાર્મિક કાર્યને પાર પાડવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

## ધાણાની દૂધ મંડળીના દૂધ ઉત્પાદકોના ૩ પગાર ચડી ગયા હોવાની રાવ

### દૂધ ઉત્પાદકોએ બનાસડેરી અને કલેક્ટરને રજુઆત કરી



પાલનપુર, તા.૨૨

લાખણી તાલુકાના ધાણા ગામે દૂધ મંડળી દ્વારા પગાર ન થતા દૂધ ગ્રાહકો પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માગણી કરી હતી.

લાખણી તાલુકાના ધાણા ગામના દૂધ ઉત્પાદકોના ત્રણ પગાર ચડી ગયા છે. તેમ છતાં દૂધ મંડળીના મંત્રી અને પ્રમુખનો ઉડાવ જવાબ સાંભળી દૂધ ઉત્પાદકો ડઘાઈ ગયા હતા. તેઓએ બનાસડેરીમાં પણ રજૂઆત કરી હતી. જ્યાં મંત્રી ૧૫ થી ૧૬ લાખ ઉપાડી ગયો હોવાનું ડેરીના સૂત્રોએ જણાવી હાથ ઉંચા કરી દીધા હતા.

ત્રણ પગાર ન મળવાને કારણે આ ગરીબ પશુપાલકો અટવાયા છે. પ્રમુખ અને મંત્રી દૂધ ઉત્પાદકોના પૈસા ચાઉં કરી ગયાના આક્ષેપ છે. ત્યારે પ્રમુખ અને મંત્રીએ પગાર મામલે ઉડાઉ જવાબ આપતા દૂધ ઉત્પાદકોએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી હતી.

આમ, પોતાની મહેનતની કમાણીના પૈસા મેળવવા માટે દૂધ ઉત્પાદકો રઝળપાટ કરી રહ્યા છે.

## વાસણ(ધા)ની આંગણવાડી કાર્યકરની છેડતી કરાઈ હોવાની રાવ

### લોન અપાવવાના બહાને મહિલાને વશમાં કરવા છેડતી કરાઈ

પાલનપુર તાલુકાના વાસણ (ધાણધા) ગામની એક આંગણવાડી કાર્યકરને મકાનની લોન અપાવવા બહાને પાલનપુરના એક શખ્સ દ્વારા છેડતી કરાઈ હોવાની ફરિયાદ પાલનપુર તાલુકા પોલિસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના વાસણ (ધાણધા) ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર માં છેલ્લા ૨૫ વર્ષથી કાર્યકર તરીકે ફરજ બજાવતી બે સંતાનની માતા પાલનપુર ની મોટી બજાર વિસ્તારમાં રહેતા ભગવાનદાસ. સી. દૈયા સાથે આંગણવાડી કેન્દ્રની કામગીરીને લઈને પરિચયમાં આવી હતી. ભગવાનદાસ લોનની કામગીરી કરતા હોઈ આ આંગણવાડી કાર્યકરએ મકાન બનાવવા માટે ભગવાનદાસને લોન મેળવવા માટે તેના પતિના નામના કોરા ચેક અને જરૂરી ડોક્યુમેન્ટ આપ્યા હતા.

દરમિયાન, સમય જતાં લોન પાસ ના થતા આંગણવાડી કાર્યકારે બે માસ અગાઉ ચેક પરત માંગતા ભગવાનદાસ એ આંગણવાડી કાર્યકરને પોતાના વશમાં કરવા માટે તેની છેડતી કરી તેની પાસે બીભત્સ માગણી કરી હતી. જોકે મહિલાએ તેનો પ્રતિકાર કરતા તેને અપમાનિત શબ્દો બોલી ચેક પરત ના આપતા આખરે આંગણવાડી કાર્યકરે પાલનપુર ના ભગવાનદાસ દૈયા વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે છેડતી અને એટ્રોસીટી એકટ મુજબ ફરીયાદ નોંધાવતા એસ. સી. એસ. ટી નાયબ પોલીસ અધિક્ષકે આ બનાવની તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં ગળે ફાંસો ખાઈ યુવકનો આપઘાત

પાલનપુર શહેરના જબેલીપુરા વિસ્તારમાં એક યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી જવા પામી હતી. જેના મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડાયો હતો. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના જબેલી ગંજપુરા વિસ્તારમાં એક યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ લલિત કુમાર પરમેશ્વર (ઉ.વ૩૮)એ પાલનપુરના તેના રહેણાંક મકાનમાં દરવાજો બંધ કરી પંખા સાથે લટકી આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આજુબાજુના રહીશો દોડી આવ્યા હતા. જેમણે મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડાયો હતો. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.